# સી.એમ. પટેલ કૉલેજ ઓફ નર્સિંગમાં 'ચાઈલ્ડ હેલ્થ નર્સિંગ' વિષય પર પ્રદર્શન





સી.એમ. પટેલ કૉલેજ ઓફ નર્સિંગમાં 'ચાઈલ્ડ હેલ્થ નર્સિંગ' વિષય પર પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. બી.એસ.સી. નર્સિંગના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા કલાસ કૉ-ઓર્ડિનેટર ઊર્વિ પટેલ તથા શ્વેતા ભટ્ટના માર્ગદર્શન હેઠળ આ પ્રદર્શન યોજાયું હતું. પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કૉલેજના પ્રિન્સિપાલ રાજેશ રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું. કૉલેજના ડાયરેકટર આર.જે. વ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. કૉલેજના તમામ વિદ્યાર્થીઓ તથા સ્ટાફ સભ્યોએ આ પ્રદર્શન નિહાળ્યું હતું.

## જન્મદિને વધામણી



મોક્ષા રાકેશ જાની



પરમાર રૂતવાબેન હસમુખભાઈ
મો. ૯૪૦૮૬ ૦૬૯૨૬



હર્ષ પરશોત્તમ સુખવાણી
મો. ૮૧૪૦૯ ૧૭૧૧૭

## લેન્ડમાર્ક સ્કૂલની બાળાઓ પ્રાચીન ગરબામાં પ્રથમ નંબરે વિજેતા



ગુજરાત સરકાર રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા તાજેતરમાં ગાંધીનગર જિલ્લાની નવરાત્રી રાસ ગરબા સ્પર્ધા યોજાઈ હતી જેમાં ગાંધીનગર ગ્રામ્ય ક્ષેત્રમાં ઓમ લેન્ડમાર્ક સ્કુલની બાળાઓએ પ્રાચીન ગરબા માં પ્રથમ નંબરે વિજેતા બની હતી ત્યારબાદ રાજકોટ હેમુ ગઢવી હોલ ખાતે રાજ્ય કક્ષાએ પોતાનું પ્રદર્શન કરવા પહોંચી હતી જ્યાં તેમને ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ શાળા પરિવાર ભાગ લેનાર તમામ વિદ્યાર્થિનીઓ અને ડાન્સ શિક્ષક શ્રી હર્ષદભાઈ પટેલને અભિનંદન પાઠવ્યા હતા.

## શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલે વિજ્ઞાન મેળામાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ સ્કૂલ દ્વારા ગાંધીનગર જિલ્લાના તાલુકા કક્ષાના વિજ્ઞાનમેળામાં ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯ સરકારી પ્રાથમિક શાળા નં.૨,સેકટર-૧૩ ખાતે જુદા જુદા વિભાગોમાં ચાર કૃતિ રજૂ કરવામાં આવી હતી. જેમાં શાળાના વિજ્ઞાનના શિક્ષકોના માર્ગદર્શન નીચે શાળાની કુલ આઠ વિદ્યાર્થિની બહેનોએ કૃતિ મુખ્ય વિષય અંતર્ગત કૃતિઓ તૈયાર કરી હતી. જેમાં હાયપર લૂપ ટ્રેન, સજીવ ખેડી, લીમડો આરોગ્ય દૃષ્ટિએ મહત્ત્વનો, ગાણિતિક નમૂના (સરવાળા-બાદબાકી) ના સુંદર મોડેલ તૈયાર કરવામાં આવ્યા હતા.

શાળાના આચાર્ય નીરુબેન જે પટેલે તમામ કૃતિ તૈયાર કરનાર વિજ્ઞાન શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

## સી.બી.એસ.ઈ. વેસ્ટઝોન ટેકવોન્ડો ચેમ્પિયનશીપમાં ડીપીએસ ગાંધીનગર ઝળકી



ગાંધીનગર, તા. ૨૬

સી.બી.એસ.ઈ. વેસ્ટઝોન ટેકવોન્ડો ટુર્નામેન્ટનું આયોજન જગતપુર, જયપુર રાજસ્થાન ખાતે કરવામાં આવ્યું હતું.

જેમાં દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના ૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, અને તેમાંથી આર્યન પટેલ (ગોલ્ડ મેડલ), ક્ષિતિજ શર્મા (સિલ્વર મેડલ), ઓમ શાસ્ત્રી (બ્રોન્ઝ મેડલ), હિયા સિસોદિયા (બ્રોન્ઝ મેડલ) અને મેહવીસ એહમદી (બ્રોન્ઝ મેડલ) પ્રાપ્ત કર્યા હતા. આ પાંચ છાત્રાઓમાંથી બે વિદ્યાર્થીઓ નેશનલ લેવલ ચેમ્પિયનશીપમાં ભાગ લેવા બલરામપુર, ઉત્તરપ્રદેશ જશે.

## આરાધના વિદ્યા વિહાર(વેદ ગ્રુપ) દ્વારા 'ચલો ડે'ની ઉજવણી થઈ



ગાંધીનગર, તા. ૨૬

આરાધના વિદ્યા વિહાર (અંગ્રેજી માધ્યમ) (વેદ ગ્રુપ) દ્વારા ૨૧મી સપ્ટેમ્બર ૨૦૧૯ સે 'યલો ડે'ની ઊજવણી કરવામાં આવી હતી. આ દિવસે નાના નાના ભૂલકાઓ તેમજ સર્વે શિક્ષકો પીળા પોશાકમાં સુસજ્જ થઈને આવ્યા હતા અને ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકોને વિવિધ પ્રકારની ક્રાફ્ટિંગ એક્ટિવીટી કરાવવામાં આવી હતી. બાળકો વિવિધ પ્રકારના પીળા ખાનપાન લઈને આવ્યા હતા. આ દિવસ ઉજવવા પાછળનો મુખ્ય હેતુ નાના ભૂલકાઓને વિવિધ રંગનું જ્ઞાન મળે તે હતું.

## સેકટર-૧૨ ખાતે સ્વામી વિવેકાનંદ વિદ્યા વિહાર શાળામાં સ્વચ્છતા અભિયાન



ગાંધીનગર, તા. ૨૬

ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે, સેકટર ૧૨ ની શાળા સ્વામી વિવેકાનંદ વિદ્યા વિહારમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સવપૂર્વક ભાગ લઈ શાળા અને મેદાનની સફાઈ કરી. વિદ્યાર્થીઓએ શાળા, ઘર, આસ પાસના વિસ્તારોને સ્વચ્છ રાખીશું એવા શપથ લીધા હતા. વિદ્યાર્થીઓમાં સ્વચ્છતાનો આ ઉમદા ગુણ કેળવાય તે અંગે શાળાના શિક્ષકશ્રી રચિતભાઈએ પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું

## ધર્મનો કોયડો

આ મંડળ વચ્ચે ને મારી વચ્ચે જન્મની ગાંઠ બંધાઈ.

બ્રજકિશોરબાબુએ મને બધી હકીકતથી વાકેફ કર્યો. તેઓ ગરીબ ખેડુતોને સારુ કેસો લડતા. એવા બે કેસો ચાલી રહ્યા હતા. આવા કેસો કરી કંઈક વ્યક્તિગત આશ્વાસન મેળવતા. કોઈ વાર તેમાં પણ નિષ્ફળ જતા. આ ભોળા ખેડૂતોની પાસેથી ફિ તો લેતા જ. ત્યાગી છતાં બ્રજકિશોરબાબુ કે રાજેન્દ્રબાબુ ફિ લેવામાં સંકોચ ન રાખતા. ધંધા પરત્વે જો ફિ ન લે તો તેમનું ઘરખર્ચ ન ચાલે, ને તેઓ લોકોને મદદ પણ ન કરી શકે, એ દલીલ હતી. તેમની ફીના આંકડા અને બંગાળના ને બિહારના બારિસ્ટરોને અપાતી ફીના ન ધારી શકાય એવા આંકડા સાંભળી હું ગૂગળાઈ ગયો.





'સાહેબને અમે 'ઓપીનિયન'ને સારુ ૧૦,૦૦૦રૂપિયા આપ્યા' હજારો સિવાય તો વાત જ મેં ન સાંભળી.

આ મિત્રમંડળે આ બાબતનો મારો મીઠો ઠપકો હેતપૂર્વક સાંભળ્યો. તેનો તેમણે ખોટો અર્થ ન કર્યો.

મેં કહ્યું : 'આ કેસો વાંચ્યા પછી મારો અભિપ્રાય તો એવો છે કે આપણે આ કેસો કરવાનું હવે માડી જ વાળવું. આવા કેસોથી લાભ ઘણો થોડો થાય છે. જે રૈયતવર્ગ આટલો કચરાયેલો છે, જ્યાં સહુ આટલા ભયભીત અહે છે, ત્યાં કચેરીઓ મારફતે ઈલાજ થોડો જ થઈ શકે. લોકોનો ડર કાઢવો એ તેમને સારુ ખરું ઔષધ છે.આ તીનકઠિયા પ્રથા ન જાય ત્યાં લગી આપણે સુખે બેસી નથી શકતા. હું તો બે દિવસ જોવાય તેટલું જોવા આવ્યો છું. પણ હવે જોઉં છું કે આ કામ તો બે વર્ષ પણ લે. એટલો સમય જાય તો પણ હું આપવા તૈયાર છું. આ કામમાં શું કરવું જોઈએ તેની મને સૂઝ પડે છે. પણ તમારી મદદ જોઈએ.'

બ્રજકિશોરબાબુને મેં બહુ ઠરેલ મગજના ભાળ્યા. તેમણે શાંતિથી જવાબ આપ્યો: 'અમારથી બનશે તે મદદ અમે આપીશું. પણ તે કેવા પ્રકારની તે અમનેસમજાવો.'

અમે આ સંવાદમાં રાત ગાળી. મેં કહ્યું : મારે તમારી વકીલાતની શક્તિનો ઓછો ઉપયોગ પડશે. તમારા જેવાની પાસેથી હું તો લહિયાનું ને દુભાષિયાનું કામ માગું. આમાં જેલ જવાપણું પણ જોઉં છું. તમે તે જોખમમાં ઊતરો એ મને ગમે. પણ તેમાં ન ઊતરવું હોય તો ભલે ન ઊતરો. પણ વકીલ મટી લહિયા થવું ને તમારો ધંધો તમારે અનિશ્ચિત મુદતને સારુ પડતો મૂકવો, એ કંઈ હું ઓછું નથી માગતો. અહીની હિદી બોળી સમજતાં મને મુસીબત પડે છે. કગળિયાં બધાં કૈથીમાં કે ઉર્દૂમાં લખેલાં હોય એ હું ન વાંચી શકું. આના તરજુમાની તમારી પાસેથી આશા રાખું. આ કામ પૈસા આપીને કરીએ તો પહોંચાય નહીં. આ બધું સેવાભાવથી ને વગર પૈસે થવું જોઈએ.'

બ્રજકિશોરબાબુ સમજ્યા, પણ તેમણે મારી તેમ જ પોતાના સાથીઓની ઊલટતપાસ ચલાવી. મારાં વચનોના ફલિતાર્થો પૂછ્યા. મારી અટકળ પ્રમાણે, કયાં લગી વકીલોએ ભોગ આપવો જોઈએ, કેટલા જોઈએ, થોડા થોડા થોડી થોડી મુદતને સારુ આવે તો ચાલેકે નહીં. વગેરે પ્રશ્નો મને પૂછયા. વકીલોને તેમની ત્યાગની કેટલી શક્તિ હતી તે પૂછયું.

છેવટે તેમણે આ નિશ્ચય જણાવ્યો : 'અમે આટલા જણ તમે જે કામ સોંપશો તે કરી દેવા તૈયાર રહીશું. એમાંના જેટલાને જે વખતે માગશો તેટલા તમારી પાસે રહેશે. જેલ જવાની વાત નવી છે. તે વિષે અમે શક્તિ મેળવવા કોશિશ કરશું.'



સૌજન્ય : સત્યના પ્રયોગો

## ડોક્યુમેન્ટેશન એન્ડ રિપોર્ટિંગ સ્કિલ વિષયક સેમિનાર સંપન્ન



ગાંધીનગર, તા.૨૬

નહેરુ યુવા કેન્દ્ર સંગઠન અને ગુજરાત પ્રેસ અકાદમીના ઉપક્રમે ગાંધીનગર ખાતે 'ડોક્યુમેન્ટેશન એન્ડ રિપોટર્ીંગ સ્કિલ' વિષયક સેમિનાર યોજાયો હતો. પ્રસ્તુત સેમિનારમાં ગ્રામ્ય અહેવાલ લેખન, પ્રાસંગિક અહેવાલ અને વ્યકિતલક્ષી અહેવાલ લેખન સંદર્ભે વિસ્તૃત ચર્ચા વિચારણા થઈ હતી. રાજ્યભરમાંથી ફિલ્ડમાં કામ કરતા અધિકારીઓ અને વૃતાંતનિવેદન સાથે સંકળાયેલા કર્મયોગીઓ આ સેમિનારમાં હાજર રહી ઉપયોગી પરામર્શ કર્યો હતો.

ઝડપી પ્રત્યાયનના આજના યુગમાં સોશિયલ મીડિયાનો પ્રભાવ અત્યંત વધ્યો છે ત્યારે પ્રત્યેક વ્યક્તિ રિપોર્ટર છે. હકારાત્મક દ્રષ્ટીકોણથી અહેવાલ લેખનની પ્રસ્તુતી સમાજમાં જાગૃતી લાવવામાં ઘણુ મોટુ પ્રદાન કરી શકે છે એમ જણાવતાં ગુજરાત પ્રેસ અકાદમીના સેક્રેટરી શ્રી પુલકભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયાના વધતા જતા વ્યાપ સામે અહેવાલ લેખનની જવાબદેહીતા અત્યંત આવશ્યક છે. સમાચારો કે તસવીરો પૂર્વગ્રહ આધારિત ન હોવા જોઈએ. વિષય વસ્તુનો તલસ્પર્શી અભ્યાસ કરી નિષ્પક્ષ પત્રકારત્વ દ્વારા પ્રજા અને સરકાર વચ્ચે સેતુરૂપ બની નિષ્ઠાપૂર્વકના અહેવાલો દ્વારા જાગૃત પ્રહરીની ભૂમિકા અદા કરી શકાય છે એમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રિપોટર્ીંગ ટુ-વે કોમ્યુનિકેશનથી વધુ અસરકારક બને છે. હકારાત્મકતાને કેન્દ્રમાં રાખી સમાજને ઉપયોગી બાબત ઉજાગર કરી જનમાનસને સાચી દિશા આપવાનું કાર્ય અહેવાલ લેખકનું છે. ભાવાત્મક એકતા, શિસ્ત, કાર્ય કરવાની પદ્ધતિ, સમય અને વિવેકના મૂલ્યોનું સંવર્ધન રીપોર્ટર માટે પાયાની આવશ્યકતા છે.

સેમિનારમાં નહેરુ યુવા કેન્દ્ર સંગઠન, ગાંધીનગરના કોઓર્ડિનેટર શ્રી રજનીકાંતભાઈ સુથાર, ડાયરેકટરશ્રી અનિલકુમાર કૌશિક, નાયબ નિયામકશ્રી મનિષાબેન શાહ તેમજ મોટી સંખ્યામાં અધિકારીઓ અને ફિલ્ડ રીપોર્ટરો ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારના અંતે વકતાઓ અને તાલીમાર્થીઓ વચ્ચે રિપોટર્ીંગની શૈલી, રીપોર્ટના પ્રકાર, અને રિપોર્ટરની સજ્જતા સંદર્ભે રસપ્રદ પ્રશ્નોત્તરી પણ યોજાઈ હતી.